શ્રી અંબાકાયે નમઃ

કીસ્મતી દુનિયા.

(દુનિયાનું કીસ્મત શેમાં ભરાઇ રહ્યું છે ! તે
જાણવું હોય તોજ વાંચી જુઓ.)

રચી છપાવી પ્રસિધ્ધ કરનાર.

ડાહ્યાભાઇ બાબરભાઇ પટેલ.

ઠે. રત્ન-દિપક-નડિયાદ.

પ્રત ૧૦૦૦૦ સને ૧૯૧૪ કિં. ૦—૦—૬

આવૃતી. ૧ લી.

અમદાવાદ-પીરમશાના રોજાપાસે શ્રી સત્યસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં

પટેલ. પોચાભાઇ ચકુભાઇએ છાપી

અમદાવાદ

જસ્માઈનનો

ગુજરાતી [illegible]-સંગ્રહ

મેહારી રસ.

ગમે તેવો જુનો કે નવો પ્રમેહ હો, માત્ર ૨ કલાકમાં નાસવા માંડે છે. જાણે જાદુનો ચમત્કાર [illegible] રોજ માત્ર પેશાબમાં [illegible] કે [illegible] પેશાબમાં [illegible], [illegible], ટીપે ટીપે પેશાબ [illegible] [illegible] થવે, કપડામાં ડાઘ પડવા, પેશાબ [illegible] ધાતુનું જવું, [illegible], [illegible] વગેરે પ્રમેહથી થતાં વિકારો નષ્ટ થાય છે. હજાર બંધ શીશી વેપારીઓ ખરીદ કરે છે. તેનો [illegible] જેવો ગુણ જરૂર અ[illegible] માવી જોવા હમારી ભલામણ છે. કીંમત બે રૂપી. વી૦ પી૦ થી રૂ. ૨ા

મોટું સચિત્ર કેટલોગ મફત મળે છે.

જસમાઈન ઇંડીયા એજન્સી.

નડિયાદ. (ગુજરાત) — ભુલેશ્વર—મુંબઈ. ૨.

કીસ્મતી દુનિયા.

(સાર્વજનીક નોકરી માટે.)

[વાહરે મારી નોકરી, !!! મારે તો નોકરીજ જોઇએ.]

[રાગ સવૈયા.]

માત પીતા બહુ દુઃખ વેઠીને, ભલે ભણાવ્યા બની ગુલતાન;
હુન્નર કળાનું જ્ઞાન ન મેળવ્યું ? નોકરી ઉપર લાગ્યું ધ્યાન,
અંધાના ઉખાણા માફક, હૃદયે ધરતાં એકજ ધ્યાન;
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૧
ભણ્યા ગણ્યાનો ભેદ ન જાણ્યો, એકજ બાકરે કીધી હાર;

આન સમુ સુખ ભોગવવાને, સૌ સાથે થાઓ તૈયાર.
નોકરી માટે તમો નાજને ? બીજા ધંધાનું નહિ ભાન
હાય નોકરી હાય નોકરી, હાય હરે શું હિંદુસ્તાન. ૨
ખેતી વણુટ વેપાર વગોવી ? હુનરથી શું ? પામ્યા હાર ?
પરવશ પડી રહ્યા પેટ ભરવા, ભારત ભોમીનો ખોયો ભાર.
મેટ્રીક પ્રીવીયશ બી. એ. પરીક્ષા લઇ મેળવવા થાવ હેરાન;
હાય નોકરી હાય નોકરી, હાય હરે શું હિંદુસ્તાન. ૩
દેશ પરીક્ષા પાસજ બનીયા, રૂડો મચાવ્યો કંગાલનો ઠાઠ,
પંદર, વીસ, પચીસ પચાશ કે, માસીક રૂપીયા મેળવો સાઠ.
આવક કરતાં જાવક ઝાઝી ? શું પતાણું રાખો માન;
હાય નોકરી, હાય નોકરી, હાય હરે શું હિંદુસ્તાન. ૪
વેતરું મહેતો બની વૈતરો, કામજ કરતો બાર કલાક,
મજુરીયા પણ મોજે માણે, પણ તમારો નવ ટળતો થાક,
રોજ રોકડા તમથી જમણા, લેઇ કરતા રાત્રીયે સ્નાન:
હાય નોકરી હાય નોકરી, હાય હરે શું હિંદુસ્તાન. ૫
ઠાઠ પુરોપી હાથ લાવવા, હાય કરોછો નીજકામ,
ગાંઠનું ખોઇ લોઠ બન્યા છો. પણ પાસે ના રહેમદામ:
જાત તમારી ગઇ છંડાઇ, પોતાનું ના રહ્યું પીછાન,
હાય નોકરી હાય નોકરી, હાય હરે શું હિંદુસ્તાન. ૬
નોકરી માટે નાખો જાઓ, જર જમીનનો હરતા નાશ,

હોદ્દો પામી હક બજાવતાં, ગરીબ જનને દેતા ત્રાસ;
હવા દીનતા દુર ફેંકીદઇ, ગર્વ ધરીને કરો ગુમાન.
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૭
પરહીત પ્રજાના પ્રિત તમારી, ક્ષમા ઉરથી આણો કાજ,
નિજ પ્રતાપે વકીલ કુળને, પૃથ્વીમાં પેસાડી દાબ;
કરીશ નહિ તે નાકુશ્શબ્દ, પ્રજાના આશા શુદ્ધ કે સાન,
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૮
નીચ ગુલામી હાથે ગોતો, વળી ગુલામ કહેતાં પ્રગટે દુઃખ,
સ્વાશ્રયીના થઇ શકયા ને, અન્યા શ્રયે પ્રગટ્યું સુખ;
પરાધીન સ્વપ્ને સુખનાહી, તોય વિષય એ છે બગાડાન,
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૯
લઘુતાને ગુરૂગણી લીધાં, સમય સમય તુંને ધન્યવાદ,
હૃદય મધ્યને અરત કરેલું, વારંવાર એ આવે યાદ;
હાય તણાયું નીચે પેહશે, સાચે સઘળું ધનને ધાન,
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૧૦
દયા ધર્મ તજી દિલમાં દુષ્ટા, દિન જનને રહશે દમી દમી,
અરરરર આ અવની વીશે, આંખેથી ગય અમીઅમી;
પ્રૌઢ થઇ કર્યું પેટનું સાધન, રંક જનનું ખોયું ખાન પાન,
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૧૧
સર્વ જનતામાં સંપતજીને, કુસંપ કરતાં દમી દમી,

જગત જનના રેહવ વીશે, ઝેર રહ્યુંછે ઝમી ઝમી;
બહુ દિનનો કાઢયો બળ, સમજો હવેતો મહેરબાન,
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૧૨
સુધરી જવાને માટે શોધી, નોકરી જેવી નીચી વાત,
સાહેબ લેડી બનવા માટે, બાપ ભાઇ કરતા પંચાત;
સુધરેલી સધવાને વિધવા, બેઉ બન્યાં છે એક સમાન,
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૧૩
લેમન, સોડા, બીડી બાબરી, બાઇ શિકલ બાંડીને માટ,
બાઇ ભાઇસો કરે નોકરી, જાત વાનને મન ઉચાટ;
અર્ધ દગ્ધ થયું ભારત અંગમા, વેઠે વપુએ બહુ નુકશાન,
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૧૪
સધવા વિધવા ના પરખાયે, બેઉનો એકજ સરખો ડ્રેસ,
હાથ બીલોરી બંગડી કરમાં, મુસ્તકપર પણ સરખા કેશ;
નહિ ચુડી ચાંદલો ભાલે. નહિ પતી કે પત્નીનું ભાન,
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૧૫
બેન ભાઇનું પદ છોડીને, બની ચાલે મીસ્ટરને મીસ,
સુધરેલા સદભાગ્ય ગણે છે, પરનર સાથે રમતાં ટીસ;
હાય અનીતી હાયજ બ્હીતો, લખતાં લખાણુ ચાતી હાણુ,
હાય નોકરી હાય નોકરી, હાય કરેશું હિંદુસ્તાન. ૧૬
સમજીને સવેયા સાચા, સો સૈના સંભાળો ધર્મ,

શાન્તિ આપે શ્રીહરિજાણી, કરો આત્મ ઉન્નતિ કર્મ;
વેદ મર્યાદા પાળો પ્રીતે, સ્વધર્મ સેવા દયા કરદાન,
હાય નોકરી હાય નોકરી, હાય કરો શું હિંદુસ્તાન. ૧૭

આજ કાલનો સુધારો.

(મનહર)

મહેતીજીને માન મળે, પતી પટાવાળો બને,
પરાણે પતીનું પાપી, પેટતો ભરાય છે.
ખુરશીમાં ખાતે કરી, ખાંતીલી તો જઇને બેસે;
હાં ! હાં ! કરતાંમાં હાજર, પતીથી બોલાય છે,
પટરાણી પટ પટ, ઝટ ઝટ લવી નાખે
ચટ ચટ ચટપટ પતીને તો થાય છે.
હીંચકાની દોરી ગ્રહી, હીજડો હીંચે છે જઇ
પતી રાંધે ત્યારે જઇ, પત્નીથી ખવાય છે.

સુધારાવાળા શું કહે છે.

ભાગવત ભારતને, રામાયણ રદીરચી,
ગીતા તણું જ્ઞાન સુણે, ગોરીયો ધવાય છે;

સુધરેલા શું જાણે છે, પુરાણીનાં થોથાં પોથાં,
શુકના તો જ્ઞાન થકી, હાસના લોભાય છે.

શબ્દ શુણી શાસ્ત્ર તણા, શાણી સમજે કંઈ,
વાગતી વિનિતા વહેલી, વહેતી તંડી જાય છે;

પણ બાલ સાહેબની, નાટકો નોવેલ વાંચે,
પછી પ્રેમ પંથમાં તે, ગેલી ગેલમાં જાય છે.

લાજ મર્યાદ મુકી, માંજા બુટ પાય ધરે,
પાંથી વાંકી પાડી બાલ, જુલફાં જણાય છે;

સાડી મલમલ તણી, રંગ નવરંગ ધરી,
આરપાર અંગ સહુ આંખે આ લેખાય છે,
પોલકાંનો ઠાઠ જાણો, બગ પાંખ વીખરાઈ;
સુધરેલી કરવીશે, નોવેલ લખનીશરી,

નોવેલનો ન્યાય ભણી, બોલનો નસન શીખી,
સ્વચ્છંદમાં ઉતરતો, અવળો દેરાય છે;
બાઈ સાહેબનું મન બાઈ મનાવે તો ઠીક,
નહિ તો પછી પ્રેમદા, પર પ્યારમાં જોડાય છે.

સુધરેલી શું ધારે છે, સુધર્યું સ્વર્ગમાર,
મોજ મઝા એશ આરામ, જોઈ ખુશી થાય છે.

શુદ્ધ શિક્ષા મોક્ષપદ આત્મજ્ઞાન ગીતામાંહે;
સત્ય ટેક નીતી રીતી, શાસ્ત્રે સમજાય છે,
સન્નારીના ધર્મ ક્યાં છે, સત્પુરૂષ ક્યાં સમાણા.
સુંદરીઓ કોણ જાણે ગોથાં ગોથાં ખાય છે,
ફેશનની ફાળમાંહે અપાર વધાર્યો;
હાય હૈયા હાય હવે જોને ક્યાં [illegible] છે.
સુધારકે કુમારી આ[illegible] [illegible] ખરે ખરૂં,
અજ્ઞાન વધતો કે ઘટતો જણાય છે:
પતિ પત્ની રામ સીતા, ધર્મ રામાયણે કહ્યો,
પાંડવ પંચાળી સતી, ભારતે જણાય છે.

તૈયાર છે. **નવીન મહાન શોધ.** મંગાવો.

"પુરાતની શાસ્ત્રોનો સારને આત્મજ્ઞાનથી ભરપુર."

રત્ન બાજી.

દુનીયામાં કપટ કરનાર કોણ છે હોય તો આવી જાવ ને હમારી નવીન આત્મ જ્ઞાન વાળી બાજી સાથે રમો કપટનું ચપટ કેવી રીતે થાય છે તેની ખાત્રી આબાજી કરી આપે છે આ બાજી રમવાથી મનને આનંદ પમાડી દીલગીરી દુરકરી પેટપુર હસાવે છે.

રમવાના સાહિત્ય સાથે કી. રૂ. ૦—૪—૬ સાડાચાર આનાની પોસ્ટની ટીકીટો બીડી મંગાવીલ્યો કારણકે વી.પી.થી ખર્ચ વધારે આવે માટે ટીકીટો બીડી બાજી મંગાવી લેવી. ઠેકાણું. રત્નદીપક ઓફીસ—નડીઆદ.

વધુલાભ.

આ બાજી સાથે એક પહોંચ દરેકને આપવામાં આવે છે ને તે પહોંચ સાચવી રાખવી કારણકે અમુક ઇનામ વહેંચાવાનાં છે. તો હમણાંથી તેનો લાભ લેવા શક્તિમાન થાઓ.

(રાગ. રૈહાતારો ખુબછે દહાડો.)

જમાનો તો બદલાયોરે હળા હળ કળજુગ આવ્યો,

ઉતમખેતી મધ્યમ વેપાર, નોકરી ગણુતા નીચ (૨)
નોકરી નાણું રોકડું દેખી, ઊંચ પડયા નીચ કીચ,
નોકરીનો પાર ના આવ્યો રે (૨) જમાનો. ૧
ઉત્તમ વર્ણને નીચની સેવા, તિરસ્કાર અપાર (૨)
સાહેબ સાહેબ કહીને ભરતા, સલામો સોસોવાર,
ભૂલ્યા સ્વધર્મ સેવાઓ. (૨) જમાનો ૨
ભૂલ પડે બાધ સહેબ ભાડે, મારે જુતાનો માર (૨)
નીચા નમીનમી માફજમાગે, ધિક્ક પડયો અવતાર,
ભુંડા ભુંડો ધિંદ બણુાવ્યો રે (૨) જમાનો. ૩
ઘરના નાણું નાખ્યા ધસછડી લુંડાને લાચજ દીધ (૨)
આખર આખર ઘરનો છોડી, અફાળ ફુટ કર્યાકીધ,
ગાંડામાં ગુણી ગણાયોરે (૨) જમાનો. ૪
અધર્મમાં નવ પગલુ દેતાં, અધર્મથી અભડાય (૨)
ધર્મતજી આજ નીચને હાથે, પ્યાલા ભરી ભરી પીવાય,
મટે દરદ પીતા દવાયો. (૨) જમાનો. ૫
બ્રાહ્મણ ક્ષત્રી વૈસ્યને શુદ્ર અભડાવ અઢારે વર્ણ (૨)

શીશાશીશી પીવે પાણી હવાનું, રોકી રાખે જાણું મગું,
પણ મર્ણ શાર્ણ થયાયોરે (૨) જમાનો. ૬
આર્ય સનાતન હિંદુઓ ક્યાં કરતા ધમાધમ (૨)
દ્વૈત અદ્વૈતમાં અથડાઈ મરતાં ધરની નમળે ગમ,
આસ્તીક નાસ્તીક ના પરખાયોરે (૨) જમાનો ૭
મનગમતું સૌ મોલવા લાગ્યા, ગમથી માન્યો ન્યાય (૨)
અર્થો " શાસ્ત્રના ફાવતા કાઢે, ક્યાં જઈ મહેર ભાવ,
નિતિનો ક્યાં પત પમાયો. રે. (૨) જમાનો ૮
હાય હાય આ અજબ લાગ્યું, ખરૂં તો ભોગાઈ જાય (૨)
મન બહારનું બોધ કરે ખરા, ઠગો કેને કહેવાય,
અંતરાત્મા ન ઓળખાયોરે (૨) જમાનો. ૯
અશાંતી સઘળે રહી વ્યાપી શાન્તીનું નહિ સ્થાન (૨)
નિજાનંદ શાન્તિને શોધો, શાન્તી સુખની ખાણ,
હરિયે હાથ શાન્તિનો સાહયોરે (૨) જમાનો ૧૦
ચતુરાઈમાં ચરમાં જોઈએ. ઘરેણામાં ઘડિઆળ (૨)
વરણાગીમાં વાળ વિના આવે, પોલીસનમાં પડે આળ,
સુધારાનો સમો જણાવ્યો રે (૨) જમાનો. ૧૧
મેમાનગીરી બતાવવી હોયતો કડક જ પાજો ચા (૨)
હોકાને બદલે બીડી આપી, વાતો કરો વાહ વાહ,
વિશ્રાં તીનો વખત બતાવ્યો રે. (૨) જમાનો. ૧૨

ધર્મને માટે ધિરજ મુકે, સ્વધર્મને અભીમાન (૨)
શોખની ખાતર સત્યજ છોડે, અસત્યનું નહિ ભાન
સરવે એક સરખા ગણાણો (૨) જમાનો. ૧૩
ભોળા બિચારા ભારતબંધુને ભોળવે બહુ ધરી વેશ:
ભોળી બિચારી ભામા ભરમાવે, દેઈ ખોટા ઉપદેશ
હવે હિંદુસ્તાન હણ્યો રે (૨) જમાનો ૧૪
અણસમજુને અવળુ સમજાવે [illegible] લાગ્યો ઠગ (૨)
સ્વદેશ સ્વધર્મને બાળતો, નજિકના કરે ઢગ
ખરા ખોટા ખેલ મચાવ્યો રે - જમાનો. ૧૫
એક માને તે બીજો માને ને, બીજા પુંઠે ત્રીજો જાય. (૨)
માંડી ગુજરાતનો ઉખાણો આજે. સાચો તેતો મનાય;
ગાડરીયો પ્રવાહ જાય તણાયો રે (૨) જમાનો. ૧૬
ન્યાય નિતિથી રાજમાં રહેવું રાયથી પ્રજા પોષાય. (૨)
પ્રજા કળા કૌશલ્ય પામે તો, મહીપતી સુખ મલકાય; :
સાચું સુખ તેમાં જણાયું રે--જમાનો ૧૭
રાય પાલક પ્રજા સાહયક લાયક બેઉ લેખાય (૨)
સ્વધર્મ સૌ સૌનો સંભાળે આનંદ ઉર જણાય
સુખે શું જય કહેવાયો (૨) જમાનો. ૧૮
પ્રૌઢ થઈને પેટ ભરા કંઇ, પ્રપંચમાં પલટાય (૨)
પગ મળે ત્યારે પીડે પાડોશીને, નોકરીનો એ ન્યાય.

હૈયા ફુટયો થાય હડકાયોરે (૨) જમાનો. ૧૯

શેઠનો ચાકર ઠાકર થાયે, માલ મલીદા ખાય. (૨)

શેઠ જાણે નહિ વેઠ કરાવે, શેઠને શું કહેવાય

પહોંચે નહિ પત્ર પરાયો (૨) જમાનો ૨૦

તેમાં શેઠનો દોષ નહિ લેશ, શેઠ છે નીતીનો તાજ

અદ્વૈત ઐક્ય છે જન ભવનીના જુદા જુવે દુઃજન બીજ

ખરો નવ જાય ખણ્યોરે, જમાનો. ૨૧

હરી પદ પ્રીતિ ધરી નીતી વેશે સઘળે સરશું કામ

જન સેવા મન સેવા માનો આનંદ આઠે જામ

સમજુને ઝટ સમજાયોરે, જમાનો. ૨૨

પોસ્ટલ એડરેસ: " પો૦ ઓ૦ બોકસ નં. ૧૫૧ "
ટેલીગ્રાફીક એડરેસ: " શો કાર્ડસ. "

સને ૧૯૧૫ ની સીઝન માટે અમારી સ્પેશીઅલ ઓફર !

કેલેન્ડરો	બ્લોટીંગ પેડસ	શો કાર્ડસ
વિગેરે	વિગેરે	વિગેરે

તમામ જાતની એડવર ટાઇઝીંગ નોવેલ્ટીઝના આવતી સીઝન માટે ખાસ ભાવ ઘટાડી વીલાયતના રોશનથીજ ઓરડરો રજીસ્ટર કરવા શરૂ કર્યા છે.

વિલાયત વેપારમાં સંગીન રીતે કેમ આગળ વધ્યા જાય છે તે જાણવા અને જોવા ઇંતેજાર હોતો અમારી શોરૂમમાં વીઝીટ આપવા વિનંતી છે. જાત જાતની બેહદ સસ્તા ભાવથી નોવેલ્ટીઝના ૪૦૦૦૦ નમુના.

મુફત જોવા ખુલ્લા છે.

પંગ બ્રધર્સ એન્ડ કંપની.

ઇમ્પોર્ટર્સ એન્ડ મેન્યુફેકચરર્સ ઓફ એડવર ટાઇઝીંગ નોવેલ્ટીઝ.

શોરૂમ્સ ૧૭—૧૮ એલ્ફીન્સ્ટન સરકલ મુંબઇ.

ઘેર બેઠાં આંખનાં તમામ દરદો મટાડે છે

અમારા તરફથી આંખની અકસીર દવાઓ જે દરેક દેશમાં હજારો વર્ષોથી કરોડો માણસનો આશીર્વાદ મેળવનાર ફક્ત પંજાબી સુરમા, નેત્રામૃત (પાણી) જ છે. અને ગમે તેવા આંધળાપો, ફુલ, ઝાંખ, ઝાળી, ખસા, પડળ, ખીલ, મોતીઆ, ઝાંઝવા જેવું દેખાવવું, સોજા, રતાંધળાપણું; આંખનું દુઃખી આવવું, લાલાશ, પાંપણ ખદખદવું પાણીનું ઝરવું, કાનનું પડવું ઝાંખરથી દ્રષ્ટીનું અલ્પપણું ને તાપ તથા પવનનું સહન નથવું, વીગેરે મહાન આંખનાં તમામ દરદોને તરત આરામ આપે છે, અને નાના બચ્ચાંની ગમેતેવી આંખ દુઃખી આવી હોય તો પણ ફક્ત એક દીવસ બે ટીપાં પાણી નાંખવાથી તરત સારી થઇ જાય છે અને આંખમાં લાહ્ય કે ચટકો લાગતી નથી અને બરફની માફક ઠંડક આપ્યા કરે છે, દરદની તમામ હકીકત સાથે લખો નબાબ એજન્સી,

ઠે. ગોમતીપુર (ગુજરાત)

દર વર્ષનાં લાંબા અનુભવથી તૈયાર કરેલા અનુભવ સીધ્ધ વૈદક શાસ્ત્રો માન્ય કરેલી ઉત્તમ મીલાવટોના તૈયાર કરેલા ધાતુ પુષ્ટીને માટે અકસીર—પી. વી જોષીની.

—જીવન ગુટીકા—

૧—૦—૦ વી. પી. જોષી કું. મુ. આણંદ.

સ્ત્રી પ્રકારના તમામ રોગો માટે સુવીખ્યાત

સુંદરી જીવન.

૧—૦—૦

ગર્ભાશય સાફકરી નીયમીત અટકાવ લાવવાને માટે અકસીર છે

પી વી. જો શા. ની. કું. મુ. આણંદ.

પી. વી. જો. શા. ની કું. ની પેટન્ટ દવાઓ વાપરો

બદન સુધારક	૦—૧૨—૦	માંસાની ગોળી	૦—૪—૦
સાત ઉપયોગી	૦—૨—૦	તાવની ગોળી	૦—૪—૦
દંત મંજન	૦—૪—૦	મોતીનો સુરમો	૦—૪—૦
ચુર્ણ	૦—૬—૦	વાળ કાઢવાની	૦—૪—૦
મેન્થોલ	૦—૪—૦	ચાંદાને માટે	૦—૮—૦
જુલાબની ગોળી	૦—૪—૦	દરાજનો મલમ	૦—૪—૦

પી. વી. જો. શા. ની કું. આણંદ.

જરા આ તરફ નજર કરશો.

(એક લાખ કોપી ખપી ગઇ છતાં પણ જંગાવર ઉઠાવ)

૧	ફેશનની ફીસીઆરી ભાગ ૧—૨		૦—૦—૬
૨	સતયુગનો જમાનો		૦—૦—૩
૩	વીંછીના ૨૫૦ ઇલાજની બુક		૦—૦—૬
૪	ખાંસીની અકસીર ભુકી ફક્ત ત્રણ દીવસમાં નાબુદ કરે છે	ડબીના	૦—૮—૦
૫	ખસ ખુજલી સાફ માટે બુકી		૦—૪—૦
૬	સ્વાદીષ્ટ ખાણાની દાળ.		૦—૮—૦

સેમ્પલ ૦—૧—૦ સેમ્પલ એક પૈસા

હમારી દવાથી ફાયદો ન થયેલો ધર્મ સાથે લખી જણાવનારને તેના લીધેલા પૈસા પોસ્ટ ખર્ચ કાપી વસુલ આપીશું. એજન્ટો જોઇયે છીયે દશ રૂપીયા મોકલનારને પચીસ રૂપીયાનો માલ મલે છે લખો. પત્તા.

રતન—દિપક એજન્સી નડિઆદ.

જસમાઈનનું સારસાપરીલા.

લોહી વિકારથી ઉત્પન્ન થયેલાં દરદો કોઈ જા-
તિની દવાઓ ખાવાથી કે પીવાથી મટતાં નથી.
દુષિત થયેલું લોહી જ્યાં સુધી સુધરે નહીં ત્યાં
સુધી કોઈ દરદોમાં તેજ આવે નહીં. [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
તમને ઊલટાં ઉંચો [illegible]
કરે ત્યારે તમો જસમાઈનની સારસાપરીલા લેજો,
બીજી ભલતીજ તેના જેવી અથવા તેનાથી સારી
છે એમ કહીને કોઈ વેપારી તમને ફસાવવા મા-
ગે તો તમારા પોતાના લાભ માટે ચોખ્ખો ન-
ન્નોજ વાસજો. અને કહેજો કે મને તો બસ જ-
સમાઈનનું સારસાપરેલા જોઈએ. કીમત રૂ. ૧॥

મોટું સચીત્ર કેટલોગ મફત મળે છે.

જસમાઈન ઇંડિયા એજન્સી.

નડિયાદ
ગુજરાત. } ભુલેશ્વર—મુંબઈ. ૨.

નવાઇ જેવું છે !!

દાંત અને દાઢનું કળતર, મોંમાં છાગરા પડવા, અવાળુ ફુલી જવાં, સળેખમ, આદાશિશી, માથાનો ગમે તેવો સખત દુઃખાવો, છાતીનો દુખાવો, દમ, ખાંસી, સરદી, નાકમાં બાઝતું છોડ, મોંમાં રહેતી ખરાબ વાસ, મળચ આવવાં, અરૂચી, અજીર્ણ, અને પેટના દુખાવા માટે

ચારૂતરનું.

અમૃતબીન્દુ.

કલાકો યા મીનીટોમાં નવાઇ જેવું પરીણામ લાવે છે. ઉપરનાં સર્વ દરદો ઉપરાંત બીજાં ઘણાં ઘણાં દરદો મટાડવા માટે તે સર્વોત્તમ ગુણકારી દવા તરીકે પ્રજામાં માન પામી છે. સુચીપત્ર મંગાવી જોવાથી સર્વ ખુલાસો થશે.

ઘડિઆળોનાં ઇનામો હજી પણ મળે છે. તે ઉપરાંત રૂ. ૫) રોકડા ઇનામમાં આપવાની નવી યોજના અમલમાં મુકવામાં આવી છે. સુચીપત્ર મફત મળે છે.

સરકારી રજીસ્ટર્ડ નં. ૮૪૧—૧૦ છે. અને વિલાયતી દવાનાં લગભગ બધી દુકાને ચારૂતરનું અમૃતબિંદુ વેચાય છે.

અમૃતબિંદુ ઓફીસ.

નડીયાદ (ગુજરાત) } ભુલેશ્વર—મુંબઇ. ૨.